૧૮૨૬ની ડિસેમ્બરની સવાર. રશિયાનો વિખ્યાત સંગીતકાર નિકોલસ તેની ફર હૅટને ચીવટપૂર્વક ત્રાંસી ગોઠવી તેની સંગીતશાળામાંથી નીકળ્યો. આજે તે ખુશ હતો, કારણ કે રોઝેસ્વેન્સ્કી બુલવારમાં રહેતી મૉસ્કોની એક અતિધનાઢ્ય સન્નારી નાદેઝદાને મળવા જઈ રહ્યો હતો. એ શાલીન વિધવા તેના સ્વર્ગસ્થ પતિ કાર્લ જ્યૉર્જ વોન મૅકના અવસાન પછી કુલ અઢાર સંતાનોમાંથી જીવિત અગિયાર સંતાનોની કુલમાતા બની પતિનો સઘળો કારોબાર સંભાળ્યો હતો. સંગીત તેની પ્રાણશક્તિ હતી. મૉસ્કો સંગીતશાળાને સ્થપાયા હજી દસેક વર્ષ જ થયાં હતાં અને જો આ ઉદાર મહિલાની આર્થિક મદદ ન હોત તો એ સંગીતશાળા ચાલી શકી ન હોત. નિકોલસને સંગીતશાળા માટે જ્યારે પણ મદદની જરૂર પડી ત્યારે નાદેઝદા હંમેશ પડખે ઊભી રહી. પતિના મૃત્યુ પછી સમાજ સાથેના બધા સંપર્કો તોડી જાતે જ પસંદ કરેલા એકાંતવાસમાં ચાલી ગઈ હતી. નિકોલસ એકમાત્ર એવો સદ્‌ભાગી હતો કે તે નાદેઝદાના ઘરે જઈ શકતો. બીજા માટે નાદેઝદાના દરવાજા હંમેશાં બંધ જ રહેતા.

આજે નિકોલસના હાથમાં તેની સંગીતશાળાના યુવાન પ્રોફેસર પીટર ચાય્કોવ્સ્કીના પિયાનો કંપોઝિશન 'ટેમ્પેસ્ટ ફેન્ટાસિયો'ના નોટેશનનો વીંટો હતો. આપણો કથાનાયક પીટર ત્યારે સાડત્રીસ વરસનો હતો — નિકોલસ કરતાં પાંચ વરસ નાનો. રસ્તામાં બધાનું અભિવાદન ઝીલતો-ઝીલતો એ ઉત્સાહભેર ચાલી રહ્યો હતો. નિકોલસ એટલે શક્તિપુંજ. એવું લાગે કે આરામ તો કદાચ કૉફિનમાં જ કરશે. નિકોલસ અને એન્તોન રૂબીનસ્ટેઇન સંગીતકાર ભાઈઓ એટલે તિલસ્મી માણસો. સેંટ પીટર્સબર્ગ એન્તોન અને મૉસ્કોમાં નિકોલસ ઘરે-ઘરે જાણીતું નામ. એન્તોન યુરોપનો પ્રથમ પંક્તિનો પિયાનોવાદક, એ સમયે જૈફવયે પહોંચેલા લીત્ઝ સિવાય તેનો કોઈ પ્રતિસ્પર્ધી ન હતો. એન્તોને સેંટ પીટર્સબર્ગમાં રશિયાની પહેલી સંગીતશાળા સ્થાપી રશિયન સંગીતમાં ક્રાંતિ સર્જી દીધી હતી. એ કાળે સંગીતકારોને ખૂબ જ ઓછા પૈસા મળતા અને થર્ડ ક્લાસ થિયેટરના ઑર્કેસ્ટ્રામાં એક વાદક થવા સિવાય સમાજમાં તેમનું માનભર્યું સ્થાન ન હતું. સંગીતક્ષેત્રે કારકિર્દી ઘડવી તો સાવ જ અશક્ય, પણ ધીમે-ધીમે બાજી પલટાઈ. રશિયાની ગ્રાન્ડ ડચેસ હેલેના પાવલોવા જાણે કલાની દેવી બની સંગીતનો ઉદ્ધાર કરવા આગળ આવી અને સેંટ પીટર્સબર્ગમાં પ્રથમ સંગીતશાળા સ્થાપવા પોતાનું એક ઘર કાઢી આપ્યું અને આર્થિક ટેકો આપ્યો. એકવીસ વરસનો જુવાન છોકરડો પીટર આ સંગીતશાળાના પ્રથમ વિદ્યાર્થીમાંનો એક હતો. પીટરની સંગીત પ્રતિભાથી પ્રભાવિત એન્તોને જ્યારે તેમના નાના ભાઈ નિકોલસે મૉસ્કોમાં સંગીતશાળા સ્થાપી ત્યારે પીટરને મૉસ્કો મોકલ્યો.

શિયાળામાં રસ્તા પર પડેલા બરફમાં નિકોલસનાં પગલાંનો અવાજ ઓગળી જતો હતો. નિકોલસને ગુરુતાગ્રંથિ અને ઉન્નતભ્રૂ આભિજાત્યથી પીડાતા સેંટ પીટર્સબર્ગના બંધિયાર વાતાવરણ કરતાં મૉસ્કોનું નિષ્ફિકર ખુલ્લું વાતાવરણ વધુ ગમતું, પોતીકુ લાગતું. કડકડતી સાંજે રસ્તા પરનાં ભસતાં કૂતરાંઓનો અવાજ અવગણી ચાલતો-ચાલતો નાદેઝદાના ઘરે પહોંચ્યો. ઘંટડી મારી. ઘંટડીના અવાજથી ચોંકીને નાદેઝદાનો કૂતરો ભસ્યો. બારણું ખૂલ્યું. નિકોલસ અંદર આવ્યો અને જાણીતી વ્યક્તિ જોઈ કૂતરાએ ભસવાનું બંધ કર્યું. નિકોલસ સીધો દીવાનખંડ તરફ ગયો. અભિજાત વિશાળ પ્રભાવશાળી ખંડ. ચળકતી ખુરશીઓ, નકશીદાર સોફા, નાના એવા ટેબલ પર કાંસાની ક્યૂપિડ મૂર્તિ, દીવાલ પર ઝળાંઝળાં ફ્રેમો અને ખૂણામાં પડેલો નમણો પિયાનો. સુરુચિપૂર્ણ અભિજાત શાલીનતા બધે ડોકાય. શહેર તરફની બારી પર મોટા મલમલના પડદા અને પૅરિસનું ફર્નિચર બધે જ માલિકની મુદ્રા – લોગો – કમળનું ફૂલ અને નાદેઝદાના આદ્યાક્ષરો ધરાવતો. નિકોલસને ઘરની અંદર જવા માટે દરવાજે જે પ્રવેશપત્ર આપેલું તેના પર પણ એ જ મુદ્રા. નાદેઝદા સંગીતથી ઘાયલ એક સંવેદનશીલ મહિલા. કોઈ બાહ્ય શારીરિક શક્તિ જેમ આપણા શરીર પર અસર કરે, એવી જ અસર તેને સંગીતથી થતી. સંગીતથી તે બીમાર પડી જતી તો વળી સાજી પણ સંગીતથી જ થતી. સંગીતથી તે ઊભાં ન રહી શકાય એટલું કંપન અનુભવતી અવશ સંમોહનને જાત સોંપી દેતી. નિકોલસ પિયાનો પાસે ગયો અને કશી જ ઔપચારિકતા કે કશી જ દિલગીરી દર્શાવ્યા વગર નાદેઝદા બાજુના ખંડમાં ગઈ - એકાંતમાં-અંધારામાં સંગીત સાંભળવા. નિકોલસનાં જાદુઈ ટેરવાં પિયાનો પર સર્યાં. એ સૂરો વિરમ્યાં, પછી થોડી ક્ષણો શાંતિ પથરાઈ. રેશમી વસ્ત્રોના ફરકાટે, સરસરાહટે નાદેઝદાના આગમનની એંધાણી આપી. એનો એક હાથ છાતી પર હતો અને ઉપરથી ગળાના પ્રકાશમાં તેની આંખો ચળકતી હતી. તેને જોતાં જ નિકોલસ સમજી ગયો હતો કે રચનાએ ધારી અસર કરી છે. નાદેઝદાએ હમણાં જ જે સાંભળી એ અદ્‌ભુત સિમ્ફનીના સંગીતકાર વિશે પૃચ્છા કરી. નિકોલસે એ સિમ્ફનીના સર્જક પીટર ચાય્કોવ્સ્કીની સંક્ષિપ્ત કથા કહી. પીટર મૂળે તો કાયદાનો સ્નાતક હતો અને સરકારી ખાણ-અમલદારનો યુગ હતો. કિશોરાવસ્થાથી જ સંગીતનું ઘેલું લાગેલું. એક જ વર્ષમાં ન્યાયાલય-ન્યાયમંત્રાલયની સરકારી નોકરી છોડી રાજીનામું આપી સેંટ પીટર્સબર્ગની સંગીતશાળામાં જોડાયો, ત્યારે તેની ઉંમર માત્ર એકવીસ વર્ષ. ચાર વરસ પિતાની મદદ વગર ચલાવ્યું. પિતા ઇલ્યા ચાય્કોવ્સ્કી તો માનતા હતા કે પુત્ર માટે કાયદાની કારકિર્દી જ ઉત્તમ હતી. એન્તોનની મદદથી સંગીતશાળામાં નાની એવી નોકરી મળી, પરંતુ એટલા ઓછા પગારે વધુ ઝઝૂમી શકાય તેમ ન હતું. એવી એક દશામાં તેને એવો વિચાર પણ આવી ગયેલો કે જો માંસ-નિરીક્ષક જેવી નોકરી પણ જો મળી જાય તો આ છોડી દઉં. પણ અહીં મૉસ્કોમાં આવ્યા પછી તેની પરિસ્થિતિ સારી છે.'

વાત તો સાચી. અહીં મૉસ્કોમાં રહેવા માટે છાપરું હતું અને ગમતું કામ હતું. દસ વરસથી પીટર મૉસ્કો સંગીતશાળામાં મ્યુઝિક થિયરી – સંગીતસિદ્ધાંત વિષયનો પ્રોફેસર હતો અને શિક્ષણની સાથોસાથ સંગીતસર્જનમાં પણ વ્યસ્ત હતો. નાદેઝદાની ચુપકીદી વચ્ચે નિકોલસ મનમાં વિચારતો હતો કે નાદેઝદા જેમ બીજા સંગીતકારોને મદદરૂપ થાય છે તેમ 'ધ ટેમ્પેસ્ટ'ના આ સંગીતકારને પણ મદદરૂપ થશે? ચુપકીદી તોડી નાદેઝદાએ માથું સહેજ

ધુણાવી હસીને કહ્યું, “નિકોલસ ગ્રેગોરિવિચ, તમે આ સંગીતકાર વિશે જે વાત કરી તેમાં મને ઘણો રસ પડ્યો છે. તમે તેના વિશે જે કહ્યું તે કરતાંય તેના સંગીતે જ તેના વિશે ઘણુંબધું કહી દીધું છે.” નિકોલસ ખુશ હતો, બાજી જિતાઈ ગઈ હતી — નાદેઝદા પીટરના સંગીતના પ્રેમમાં પડી ગઈ હતી.

પીટરનું સંગીત પહેલી જ વાર સાંભળ્યા પછી નાદેઝદાએ પીટરને લખ્યું હતું, "તમારું સંગીત સાંભળી હું એવી ઉન્માદ અવસ્થામાં આવી ગઈ છું કે હજી એમાંથી બહાર નીકળી શકી નથી." 'ધ ટેમ્પેસ્ટ'ના આ સંગીતકારને તે કદી મળી નહીં કે ન કદી રૂબરૂ વાત કરી, પણ નાદેઝદા એ પછીની આખીય જિંદગી પીટરના સંગીતમાં જ રમમાણ રહી. નાદેઝદાને થયું હશે કે પીટર સંગીત માટે જ જન્મ્યો છે અને એ કામમાં તેને પ્રોત્સાહન આપવું જોઈએ અને તેનું સ્વમાન ન ઘવાય એ રીતે આર્થિક મદદ કરવી જોઈએ. નાદેઝદાએ પીટરને સંગીતનું પહેલું કામ ક્યારે સોંપ્યું તેની વિગત તો મળતી નથી, પણ પીટરને લખેલા પહેલા પત્રમાં જ પ્રથમ શ્રવણે જ પીટરના સંગીત સાથે પ્રેમ થઈ ગયો હતો તેનો છૂપો એકરાર હતો.

> "સર પીટર, મેં સોંપેલું કામ તરત કરી આપવા બદલ અંતઃકરણથી તમારો આભાર. તમારું સંગીત મને કેવો પરમાનંદ આપે છે એ વાત કહેવી બિનજરૂરી અને અપ્રસ્તુત લાગે છે, કારણ કે મારા જેવી સંગીતની દૃષ્ટિએ અજ્ઞાન અને તુચ્છ ગણાય તેવી વ્યક્તિ કરતાં સંગીતમાં સારી એવી સમજ ધરાવનારા જાણકારો પાસેથી તમને અભિવાદનો મળતાં જ હશે. હું તો એટલું જ કહીશ કે તમારા સંગીતે મારા જીવનને વધુ આનંદમય અને જીવવા જેવું બનાવ્યું છે."

પીટરે જવાબ આપ્યો,

> "સંગીતકારના જીવનમાં તેના સર્જનપથ પર નિષ્ફળતાઓ અને અડચણો આવ્યા કરતી હોય છે, પણ થોડા લોકોને મારું સંગીત ખૂબ ગમે છે એ વાત જ મનને રાહત આપનારી બની રહે છે."

સંગીતમાં રમમાણ રહેતી અને પીટરના સંગીતના પ્રથમ શ્રવણે જ પ્રેમમાં પડી જનાર અને તરત જ એ સંગીતકારને કામ સોંપી મદદ કરવા તત્પર થયેલી આ નાદેઝદા ફિલારેતોવ્ના કોણ હતી? આવો જરા ડોકિયું કરીએ આ અસામાન્ય નારીના ભૂતકાળમાં અને તેના વ્યક્તિત્વને ઘડનારી પરિસ્થિતિઓમાં.

નાદેઝદાનો જન્મ ૧૮૩૧માં. પિતા ફિલારેત ફ્રોલોવ્સ્કી — એક નખશિખ સજ્જન જિલ્લા ન્યાયાધીશ હતા અને માતા આનાસ્તાસિયા રાણી કેથેરિનના પ્રેમી ગ્રેગોરી પોતેમ્કીનના પરિવારની વંશજ. માતા શક્તિનો પુંજ અને તેવી જ તેની પુત્રી નાદેઝદા — તેના પતિનું પણ ચાલકબળ. પિતા શાંત ઠરેલ વાયોલિનવાદનના શોખીન. નાદેઝદાના માતૃપક્ષ તરફથી

તેને અપાર હિંમત અને શક્તિ મળ્યાં હતાં, તો શાંત પિતા તરફથી તે કરતાંય વધુ મહત્ત્વનો સંગીતપ્રેમ. માત્ર સત્તર વર્ષની કાચી વયે જ તેનાં લગ્ન બાહોશ એન્જિનિયર કાર્લ જ્યૉર્જ વોન મૅક સાથે થયાં. જોકે લગ્ન વિશે નાદેઝદાનો અભિપ્રાય એ જ રહ્યો કે તે જરૂરી છે, પણ અણગમતી બાબત છે. લગ્ન સંસ્થા વિશેની નારાજગી તેણે પીટરને લખેલા એક પત્રમાં ડોકાય છે.

> "માણસોને પણ માછલીની જેમ કૃત્રિમ સંવર્ધનથી ઉછેરી શકાતા હોત તો લોકોને લગ્નની જરૂર જ ન પડત અને લોકોએ રાહત અનુભવી હોત."

નાદેઝદા અને કાર્લ જ્યૉર્જ વોન મૅકને અઢાર સંતાનો થયાં. આવી શક્તિશાળી સ્ત્રીને નાથવા આથી સારો કયો રસ્તો હોય? એક સંતાનના બાળમરણ પછી છ છોકરાઓ અને છ છોકરીઓ. નાદેઝદા તેમને માટે બધું કરી છૂટી — આભિજાત્યપૂર્વક તેમનો ઉછેર કર્યો. એવું નથી કે તેણે માત્ર ચાયકોવ્સ્કીને પ્રોત્સાહિત કરી તેની કારકિર્દીમાં ઊંડો રસ લીધો હતો. પતિ કાર્લ જ્યૉર્જને પ્રોત્સાહિત કરી તેની કારકિર્દી પણ નાદેઝદાએ જ ઘડી હતી. કાર્લ એક પ્રતિભાવાન શક્તિશાળી માણસ, દૃષ્ટિવાન પણ એવો જ. જિંદગીના એક તબક્કે સલામતી અને સાહસ એ બંનેમાંથી કયો રસ્તો લેવો એની અવઢવમાં હતો. સલામત નોકરી છોડવાનાં ભયસ્થાનો ઘણાં હતાં — કદાચ કારમી ગરીબાઈ અને અનિશ્ચિતતામાંથી પસાર થવું પડે. એવા નાજુક સમયે પત્ની નાદેઝદાએ કાર્લને હિંમત, ધરપત અને દિશા-દોરવણી આપી. આ સાહસનો રસ્તો હતો અને સદ્ભાગ્યે વિજયનો પણ. નાદેઝદાએ પીટરને એક પત્રમાં તેમની ત્યારની પરિસ્થિતિનો ચિતાર આપેલો.

> "અમે પહેલેથી જ ધનાઢ્ય ન હતાં. જિંદગીનો મોટો ભાગ અમે ગરીબીમાં કાઢ્યો છે. સરકારી નોકરીની વાર્ષિક ૧૫૦૦ રૂબલની આવકમાં જ પાંચ-પાંચ સંતાનો અને ઘરની બધી જ જવાબદારીઓ સાથે જીવવું સહેલું ન હતું. હું જ મારાં સંતાનોની ધાઈમા – ગવર્નેસ, રસોયણ અને ડ્રેસમેકર. પતિ માટે હું જ તેમનું પાકીટ. ઘરનો કારભાર હું જ ચલાવતી. તેમણે જ્યારે નોકરી છોડવાનું નક્કી કર્યું ત્યારે અમારે રોજના માત્ર ૨૦ કોપેકમાં જ ઘર ચલાવવાનું હતું."

કાર્લની નોકરીમાં એટલી બદલીઓ થયા કરતી કે કાર્લે નોકરી છોડી તે પહેલાં દરેક બાળકનો જન્મ નવા-નવા સ્થળે થયો હતો. કાર્લમાં ઇજનેરી પ્રતિભા તો હતી જ, પરંતુ તેથીય વિશેષ બાબત તો તેની પાસે એક દૃષ્ટિ હતી, એક સૂઝ હતી. રશિયાની ભાવિ રેલવેલાઇનો દર્શાવતો નકશો તેની કલ્પનાશક્તિ અને દૂરંદેશી દૃષ્ટિનું પરિણામ હતો. આજે પણ તેણે બાંધેલી 'કઝાન રેલવેલાઇન' તેની સાક્ષી પૂરશે. પહેલાં ઇજનેરી સાહસમાં કાર્લે પોતાની બધી બચત અને પત્નીનું દહેજ સુધ્ધાં ગુમાવ્યાં. નાદેઝદાએ હિંમત હાર્યા વગર પતિનો વ્યવસાય આંશિક રીતે સંભાળ્યો. નાદેઝદાની હિંમત અને સહકારને લીધે જ કાર્લે મૉસ્કોથી રિયાઝાન સુધીનો રેલમાર્ગ બાંધ્યો. નાદેઝદાના દીકરાઓ વ્લાદિમીર અને નિકોલસે એ રેલવેલાઇન વોલ્ગા નદીને પાર લગભગ આઠસો કિલોમીટર દૂર કજાન સુધી લંબાવી અને ઉત્તરમાં હજાર-બારસો કિલોમીટર દૂર યુરલ પર્વતમાળા સુધી પહોંચાડી.

વ્લાદિમીર નાદેઝદાનો લાડકો દીકરો. તેના જેવો જ શક્તિપુંજ. વ્લાદિમીરે પિતાના ખાનગી રેલવેલાઇનના વ્યવસાયને સારી રીતે સંભાળ્યો. રેલલાઇન બિછાવવા જંગી લોનની જરૂર પડે, પણ પાછો પડે તો તે વ્લાદિમીર શાનો? જંગી લોન મેળવવા વ્લાદિમીર નાણાં ધીરનાર રોથચાઇલ્ડને મળવા પૅરિસ પહોંચ્યો. તેમની મુલાકાત પહેલાં રોથચાઇલ્ડે વ્લાદિમીરને પૂછ્યું હતું કે, 'તમારી સાથે કેટલા સેક્રેટરીઓ હશે?' માત્ર હાથપગ લઈ એકલા ગયેલા વ્લાદિમીરે કહ્યું, 'મારી સાથે બાર સેક્રેટરીઓ હશે.' અને બીજે દિવસે તો નાટકીય ઘટનાક્રમ પ્રમાણે વ્યાવસાયિક કલાકારોને સેક્રેટરી બનાવી આખો રસાલો રોથચાઇલ્ડના ઘરે હાજર. લોન લઈને જ પૅરિસથી પાછો ફર્યો. સમય આવે રુઆબ-ઠસ્સો કેમ જાળવવો તે જાણતો હતો. તેની રહેણીકરણી ઉડાઉ. પૈસા તો પાણીની જેમ વાપરતો. એ સમયે મૉસ્કોમાં ઘરમાં વીજળી લાવનાર તેઓ સહુથી પહેલા હતા, ઘરમાં વીજળી હોવી એટલે એ જમાનામાં પોતાનું જનરેટર હોવું અને તેને ચલાવવા ઇલેક્ટ્રિશિયન રાખવો. આના ઉપરથી ખ્યાલ આવશે કે નાદેઝદા વોન મૅકનું કુટુંબ કેટલું ધનાઢ્ય હશે. વ્લાદિમીરનો દીકરો વોલિચ્કા જન્મ્યો ત્યારે તેની માની ઉંમર માત્ર સોળ જ વર્ષની હતી. વ્લાદિમીરની પત્ની પણ તેના જેવી જ ઉડાઉ અને વૈભવી જીવન જીવનારી. લાડકા પૌત્ર વોલિચ્કાને દાદી નાદેઝદા ઉછેરે અને પતિ-પત્ની મજેથી ફર્યા કરે. દાદીના ઉદાસ ઘરમાં વોલિચ્કાના આગમનથી ખુશીની એક લહેર દોડી ગઈ. વ્લાદિમીરની પત્ની કપડાંની એટલી શોખીન અને ઉડાઉ કે એક ડ્રેસ એક વાર પહેર્યા પછી ફરીથી પહેરતી નહીં. કોઈ વિશિષ્ટ પ્રસંગે તો એક જ સાંજમાં બે-ત્રણ ડ્રેસ બદલતી. એક વાર પૅરિસથી ફરીને પાછી આવી ત્યારે તેની સાથે પૂરા દસ ટ્રંક ભરીને કપડાં હતાં. આવીને બિલ નાદેઝદાના હાથમાં મૂકી દીધું. આવા વખતે તેની છૂપી માગણી એ જ રહેતી કે મારું બિલ ચૂકવી દો અથવા મારો દીકરો મને પાછો આપો અને હંમેશાં તેનું બિલ ચૂકવાઈ જતું. રશિયાના સમ્રાટ ઝારે વ્લાદિમીરને તેના દરબારમાં સ્થાન આપ્યું હતું. આવો હતો નાદેઝદાનો લાડકો દીકરો વ્લાદિમીર. આમ જુઓ તો અંતર્મુખી નાદેઝદાનો સામેનો છેડો હતો છતાં બંનેમાં એક સમાનતા હતી ભરપૂર આત્મવિશ્વાસની.

પતિ કાર્લ જ્યૉર્જનું જ્યારે મૃત્યુ થયું ત્યારે નાદેઝદા એક દિવસ માટે પણ વિચલિત ન થઈ. તરત જ ઘરનો બધો કારોબાર સંભાળી લીધો અને છતાં જાતને એક એવા અભેદ્ય એકાંતમાં પૂરી દીધી જ્યાં તેનાં બાળકો સિવાય કોઈનું સ્થાન ન હતું. નાદેઝદાને અલગ-અલગ સ્થળે ઘણાં એસ્ટેટ અને બંગલાઓ હતાં. મૉસ્કોમાં વિશાળ બંગલા અને એસ્ટેટ સિવાય યુક્રેનના બ્રાઇલોવમાં મોટી એસ્ટેટ અને ફ્રેંચ રિવેરામાં વિલા હતાં. કાયમી શરદીથી પીડાતી નાદેઝદા રશિયાના આકરા શિયાળાથી બચવા શિયાળાની ઋતુ યુરોપના પસંદગીના હૂંફાળા સ્થળે ગાળતી. પીટર ચાય્કોવ્સ્કી સાથે પરિચય થયો એ અરસામાં નાદેઝદાને એ જમાનાનો રાજરોગ ટી.બી. લાગુ પડી ચૂક્યો હતો. સ્વભાવથી અત્યંત લાગણીશીલ આ નારી ઉન્માદ અને વિષાદના છેડાઓ વચ્ચે ફંગોળાયા કરતી. ટી.બી.નો રોગ, કાયમી શરદી અને સતત ત્રણ-ત્રણ દિવસ સુધી ચાલતા માથાના દુખાવા જેવાં પરિબળોએ તેના ડિપ્રેશનને ઘેરું બનાવ્યું.